**ક્રિ.કેસ.નં.૪૯૬૭૩ /૨૦૧૮**

૧. આ કામમાં પો.સ્ટે.ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ –૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે.આરોપી એ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટ માં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨. સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીનો આ પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરી થી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એ.પી.પી.એ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩. આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધ ના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**:: હુકમ ::**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ હેઠળ ઈ.પી.કોડની કલમ – ૨૮૩ ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ.૨૦૦/– (અંકે રૂ.બસો પુરા) દંડ કરવામાં આવે છે.જો દંડ ના ભરે તો આરોપીને ૨ (બે) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૧૨/૨૦૧૮
અમદાવાદ.

(જાવેદઅખ્તરખાન બાજીતખાન ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૫, અમદાવાદ
કોડ નં. જીજે૦૧૦૨૮